RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

## NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 126* Date: 04.03.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું

# રૂ-પાણું બજેટ..!: ન કરબોજ, ન રાહત



*ગાંધીનગર,તા.૩*

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણાં પ્રધાન નીતિન પટેલે નવમી વખત ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું છે. આ પ્રસંગે નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ વખતે ૨.૨૭ લાખ કરોડનું બજેટ પાછલા બજેટ કરતા ૧૦,૦૦૦ કરોડથી વધુ છે.

નોંધનીય છે કે પાછલા બજેટ અને આ વખતના બજેટની સરખામણી કરીએ તો કૃષિ વિભાગમાં ગયા વર્ષે રૂપિયા ૭૪૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે કૃષિ વિભાગમાં રૂપિય ૭૨૩૨ કરોડની જાગવાઇ કરવામાં આવી છે જે પાછલા બજેટ કરતા રૂપિયા ૧૯૧ કરોડ ઓછું છે. નોંધનીય છે કે કૃષિ માટે કુલ મળીને ૨૭ હજાર ૨૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટ રજુ કરતા સમયે નાણા પ્રધાને સ્થાનિક ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયની યાદ અપાવી. તેમણે આ વિજયને પ્રજાના સર્ટિફિકેટ સાથે સરખાવ્યું હતું. તેમણે આ મુદ્દે કહ્યું કે પ્રજાની યુનિર્વસિટીમાંથી અમને ત્રિપલ-છ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ જીત એમને એમ નથી થઇ. આ માટે ભાજપ સરકારે ઘણા વિકાસના કાર્યો કર્યા છે. તેમ નીતિન પટેલે ઉમેર્યું છે. અને, વિકાસ કાર્યોમાં ગુજરાતમાં કંઇ જ કચાશ રહેતી ન હોવાનું પણ તેમણે કહ્યું છે.

નીતિનભાઈએ કહ્યું કે, લોકડાઉન સમયે રાજ્યમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો ના રહે તેનું ધ્યાન સરકારે રાખ્યું છે. દવા સાથે ભોજનની પણ વ્યવસ્થા કરી. જેમાં સરકારે ૬૯ લાખ કુટુંબોની ૩ કરોડ ૩૬ લાખની જનસંખ્યાને સસ્તા અનાજની મંડળી દિન દયાલ ઉપાધ્યાય દ્વારા ૬ વખત વિના મુલ્યે અનાજ આપ્યું. જેમાં સરકારે ઘઉં ચોખા ચણા દાળ ખાંડ અને મીઠાનું વિતરણ કર્યું. આ બાદ BPL સિવાયના APLના માધ્યમવર્ગના ૬૧ લાખ પરિવારોને પણ સરકારે ૧ કિલો ચણા દાળ, એક કિલો ખાંડનું વિતરણ કર્યું.

આ બાદ નીતિનભાઈએ કહ્યું કે મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ હેઠળ ૬૭ લાખ ૩૮ હજાર પરિવારોને લોકડાઉન વખતે ૧ હજાર રૂપિયા આપવામાં આવ્યા. જે બેંક ખાતામાં સીધા જમા કરાવ્યા. આ કાર્યોનો હવાલો આપતા નાણા પ્રધાને કહ્યું કે આ કામગીરીએ જ ભાજપને જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં વિજયી બનાવ્યા છે.

ગુજરાતના અત્યારસુધીના સૌથી મોટા બજેટમાં આરોગ્ય, શિક્ષણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પોતાની બજેટ સ્પીચમાં નીતિન પટેલે આગામી પાંચ વર્ષમાં બે લાખ લોકોને સરકારી નોકરી આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, એનર્જી, એન્જીનિયરીગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈ.ટી., પ્રવાસન, હૉસ્પિટાલીટી, ફૂડ પ્રોસેસિંગ, બેંકિંગ અને સર્વિસ સેક્ટરમાં ૨૦ લાખ રોજગારી ઊભી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ-મહેસાણા હાઈવેને સિક્સ લેન બનાવવાની તેમજ અમદાવાદ-ગાંધીનગર અને સુરત સિવાય વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રો દોડાવવા માટે આયોજન કરાયું છે. ૫૮૭.૮૮ કરોડ રુપિયાન પુરાંત દર્શાવતા આ બજેટમા મહેસૂલી આવક ૧,૬૭,૯૬૯.૪૦ કરોડ, મહેસૂલી ખર્ચ ૧,૬૬,૭૬૦.૮૦ કરોડ અંદાજવામાં આવ્યા છે. જ્યારે મહેસૂલી હિસાબ પર પુરાંત ૧૨૦૮.૬૦ કરોડ, મૂડીની આવક ૫૦૭૫૧ કરોડ, લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ ૫૬,૫૭૧.૭૨ કરોડ, મૂડી હિસાબ પર ખાધ (માઈનસ) ૫૮૨૦.૭૨ કરોડ અંદાજવામાં આવ્યા છે. કોરોનાને કારણે સરકારે આ બજેટમાં કોઈ નવા કરવેરા નથી નાખ્યા અને પ્રવર્તમાન વેરામાં કોઈ પ્રકારનો વધારો પણ નથી કર્યો.

નીતિન પટેલે કહ્યું, ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા પગલાંથી ગુજરાતનું અર્થતંત્ર વેગવંતુ બન્યુ છે. ગુજરાતે કોરોનાના કપળાં કારમાં ભારતને નવી દિશા આપી આપવાનું કામ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું, નાના વ્યવસાયકારો ફરી બેઠા થઈ રહ્યા છે. માટે આયાત વેરાના દરોમાં વધારો અને નવા કોઈ કરવેરા નહીં નાખવાની જાહેરાત કરું છું. આમ ગુજરાતમાં કોઈ નવો કરવેરો કે વેરાના દરોમાં વધારાની કોઈ જાહેરાત કરી નથી.

નાણાંમંત્રીએ કહ્યું કે, ૨૦ સિવિલ હોસ્પિટલોમાં આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર અપાશે. આ સાથે સુરતની કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા ૨૫ કરોડ આપવામાં આવશે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ માટે ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે આ સાથે૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં વધુ નવી ૧૫૦ એમ્બ્યુલન્સ ઉમેરાશે. ઓછા જન્મ સાથે જન્મતા બાળકોની સારવાર માટે ૧૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગોધરા-મોરબીમાં નવી મેડિકલ કોલેજ માટે ૫૦ કરોડ ફાળવવામાં આવશે.

નાણામંત્રીએ કમલમ ફ્રુટના વાવેતર માટેની પણ જોગવાઇ કરી છે. તેમણે જણાવ્યું કે, કેવડિયાની આસ-પાસના ૫૦ કિ.મીમાં કમલમ ફ્રૂટના બે લાખના વાવેતર માટે ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, ખેડૂતોની માંગ બાદ રાજ્ય સરકારે ડ્રેગન ફ્રૂટનું નામ બદલીને કમલમ રાખ્યું છે.

### કોલેજના વિદ્યાર્થીઓને અપાશે ફીમાં ટેબલેટ

## રૂપાણી સરકારે બજેટમાં શિક્ષણ માટે ૩૨૭૧૯ કરોડની ફાળવણી કરી

બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ માટે કુલ ૩૨,૭૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ આગામી સમયની જરૂરિયાત ધ્યાને લઇ ક્રાંતિકારી ફેરફારો સૂચવવામાં આવ્યા છે. માતૃભાષામાં શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે આધુનિક યુગને અનુરૂપ શિક્ષણ પદ્ધતિને પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે. મિશન સ્કૂલસ ઓફ એકસેલન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

- બાળકોના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવા માટે ૩૪૦૦ શાળાઓમાં જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા પાંચ વર્ષ માટે રૂ. ૧૨૦૭ કરોડનું આયોજન.
- ધોરણ-૧ થી ૮ ના આશરે ૪૫ લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજના અંતર્ગત કુલ રૂ. ૧૦૪૪ કરોડની જોગવાઇ.
- રાઇટ-ટુ-એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજયમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૬૭ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટયુશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા માટે રૂ. ૨૮૭ કરોડની જોગવાઇ.
- ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઇ.
- કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજીત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ.
- હયાત નિવાસી શાળાઓ જેવી કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મોડેલ સ્કૂલ અને આશ્રમ શાળાઓ ખાતે ઉત્તમ પ્રકારનું નિવાસી શિક્ષણ મળે તે હેતુથી વિશાળપાયે માળખાગત સુવિધાઓ ઊભી કરવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ.
- રાજ્યની ૨૦૦૦ પ્રાથમિક શાળાઓ ખાતે વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટે રૂ. ૭૨ કરોડની જોગવાઇ.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિધાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૬૫ કરોડની જોગવાઇ
- જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી ૧ કીલોમીટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ
- ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જૂની શાળાઓનું મહત્ત્વ અનેરુ છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ.
- રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ
- વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધ ભાવનાને પ્રોત્સાહન આપી અવનવા સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજીત ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ.
- આઈઆઈટી એન્જિનીયરીંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે રાજયની સરકારી અને અનુદાનિત શાળાઓમાં ઘોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઇન ડિસ્ટન્સ લર્નિગની સુવિધા પૂરી પાડવાની યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ.
- અભિરૂચી ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદ્દઢીકરણ માટે મિશન ગુરૂકુળ યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડની જોગવાઇ.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧, ૩૨૩ કરોડની જોગવાઈ

*ગાંધીનગર,તા.૩*

ગુજરાત વિધાનસભાના ૨૦૨૧-૨૨ના બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧,૩૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતમાં કોવિડ મહામારી દરમિયાન અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી હતી. રાજયમાં ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્ર, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્ર અને ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને રાજ્ય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારો માટે ખુબ જ આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. આ યોજના માટે ૧૧૦૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજયમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોને વિના મુલ્યે સારવાર પુરી પાડતી યોજના બાલસખા-૩ માટે ૧૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે ૮૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે ૬૬ કરોડની જોગવાઇ.
- ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે ૫૦ કરોડની જોગવાઇ.
- ખૂબ જ લોકપ્રિય અને ઉપયોગી બનેલ ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ ૬૨૨ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ વાન સેવારત કરવા ૩૦ કરોડની જોગવાઇ.
- સુરત ખાતે કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે સાધન સામગ્રી અને માનવ સંશાધન ઉપલબ્ધ કરાવવા માટે ૨૫ કરોડની જોગવાઇ.
- રસીકરણની કામગીરી સુચારૂરૂપથી કરવા માટે રાજ્યકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઉભો કરવામાં આવશે. વધુમાં ૯ જિલ્લામાં મેડિકલ વેક્સીન સ્ટોરના બાંધકામ માટે ૩ કરોડની જોગવાઇ.
- ૨૦ સિવિલ હોસ્પિટલો ખાતે આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પુરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૪૭૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૭૧૨૪૫**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૩૫૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૬૪૧૯૫**

### ટેક્સટાઇલ અને એમએસએમઇ માટે ૧૫૦૦ કરોડની જોગવાઇ

## કેન્દ્રની યોજના હેઠળ ગુજરાતમાં ૨ મેગા ટેક્સટાઇલ પાર્ક બનાવવામાં આવશે

ગાંધીનગર,તા.૩

આજે ગુજરાત સરકારના ૨૦૨૧-૨૨ માટેના બજેટમાં નાણામંત્રી નીતિન પટેલે રાજ્યના ઉદ્યોગો તેમજ ખાણ વિભાગ માટે રૂ. ૬૫૯૯ કરોડની જોગવાઈની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે ટેક્સટાઈલ પોલિસી હેઠળ આવતા એકમો માટે રૂ. ૧૫૦૦ કરોડ અને નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત લઘુ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની વિવિધ પ્રોત્સાહન યોજનાઓ માટે રૂ. ૧૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

મોટા ઉદ્યોગો માટે રૂ. ૯૬૨ કરોડની જોગવાઈ

નીતિન પટેલે અંદાજપત્રમાં રોજગારી સર્જન કરતાં મોટા કદના ઉદ્યોગો માટે પસંદગીના સેક્ટરમાં સહાય આપવા માટે રૂ. ૯૬૨ કરોડની જોગવાઈ કરી છે. આ ઉપરાંત રાજયમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારી ઊભી કરતી યોજનાઓ માટે સરકારે રૂ. ૫૭૮ કરોડની ફાળવણી કરી છે. બનાસકાંઠા, જામનગર, રાજકોટ, મોરબી, ગાંધીનગર, અમરેલી, પાટણ, આણંદ અને મહિસાગરમાં નવી ઔદ્યોગિક વસાહતો બનાવવામાં આવશે.

બલ્ક ડ્રગ અને મેડિકલ ડિવાઈસ પાર્ક બનાવાશે

મેડિકલ અને ફાર્મા સેક્ટરમાં દેશમાં ગુજરાતનું આગવું સ્થાન છે. આ સેક્ટરને વધુ મજબૂત કરવા માટે ભરૂચના જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવવામાં આવશે. આ સાથે જ રાજકોટ ખાતે મેડિકલ ડિવાઈસ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવવાનું આયોજન છે.

## માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ૧૧,૧૮૫ કરોડની જોગવાઈ

*ગાંધીનગર,તા.૩*

- સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રિકારપેટ ના થયા હોય તેવા ૪૯૪૯ કામોના ૧૬,૮૫૭ કિમી લંબાઈના રસ્તાના રિસરફેસિંગ માટેના કામો ૪૫૦૬ કરોડના ખર્ચે હાથ ધરાશે

- ૩૪૦૦ કરોડના ખર્ચે ૬૮ નવા રેલવે ઓવરબ્રિજ બનશે

- ૨૮૯૩ કરોડના ખર્ચે અમદાવાદ-બગોદરા-રાજકોટના ૨૦૧ કિમીના રસ્તાને સિક્સ લેન બનાવવાનું કામ પ્રગતિમાં

- સૌરાષ્ટ્રના તમામ જિલ્લાને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડતા રાજકોટથી અમદાવાદ રસ્તાનું ૨૬૨૦ કરોડના ખર્ચે સિક્સ લેનનું કામ પ્રગતિ હેઠળ

- ૧૧૬ રસ્તાના અનુભાગોની ૧૯૫૧ કિમ લંબાઈને ૧૦ મીટર કે ૭ મીટર પહોળા કરવાની કામગીરી ૨૩૩૧ કરોડના ખર્ચે પ્રગતિમાં

- ૩૦૧૫ કિમીના ગ્રામ્ય માર્ગોને સાડા પાંચ મીટર સુધી પહોળા કરવા ૧૭૪૯ કરોડની અંદાજીત કિંમતના કામોનું આયોજન

- અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે રાજ્ય સરકારના શેરફાળા પેટે ૧૫૦૦ કરોડની જોગવાઈ

- અમદાવાદ-મહેસાણા હાઈવે સિક્સ લેન બનશે, જેના માટે ૧૦૦ કરોડની જોગવાઈ

- વિધાનસભાની સદસ્ય નિવાસ સમિતિની ભલામણ અનુસાર ગાંધીનગર ખાતે નવું સદસ્ય નિવાસ સંકુલ બનાવાશે

## તંત્રી સ્થાનેથી...

### .......વિધાનસભાની ગુંજ....

**આજે ગુજરાત વિધાનસભાની ર બેઠક મળી હતી જેમાં સવારની મળેલ પ્રથમ બેઠકમાં મોટાભાગે પ્રશ્નોત્તરીકાળમાં રાજ્યમાં તાજેતરમાં યોજાયેલ સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપને સર્વત્ર મોટી જીત મળી છે જેના અનુસંધાને ભાજપ સભ્યો દ્વારા પૂછવામાં આવતા પ્રશ્ન પહેલા પ્રશ્ન કરનાર સભ્યશ્રી અભિનંદન આપવાનું ચુકતા ન હતા અને તેને કારણે ગૃહમાં તાળીયોના ગડગડાટથી ગૂંજી રહેતા હતા. જેટલા પ્રશ્નો ગૃહમા પૂછાયા તે તેમજ પેટા પ્રશ્નોમાં તમામ ભાજપની જીત થવા માટે ભાજપ સભ્યો મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી, ગૃહ રાજ્ય મંત્રી સાથે જે તે સભ્યોને તેઓના વિસ્તારમા મોટી સફળતા મળી તેઓના નામ બોલી અભિનંદન આપવા સાથે ગૃહ તાલીઓના અવાજોથી ગુંજતું રહ્યું હતુ.**

**આજે મોટાભાગના પ્રશ્નો પોલીસ તંત્ર અને પોલીસ પરિવારની મેડિકલ સારવાર સહિતના પ્રશ્નો વધૂ પુછાયા હતા તેમાં ગૃહ ર:જ્ય મંત્રીશ્રીએ શ્રી નરેન્દ્ર મોદી કે જેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા અને શ્રી અમિત શાહ કે જેઓ ગુજરાતના ગૃહ મંત્રી હતા તે સમયે ગુજરાત પોલીસના ગુજરાત પોલીસના પરિવાર જનોની મેડિકલ સારવાર ફ્રી મળી રહે તે માટે કરેલા નિર્ણયને વિશેષ રીતે યાદ કર્યા હતા. ગૃહ મંત્રી શ્રીએ પ્રશ્નના જવાબ આપતા કહ્યું હતું કે પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ સતત ફરજમાં રોકાયેલા રહેતા હોઈને પોતાના પરિવાર તરફ મેડિકલ સારવાર માટે ધ્યાન આપી શકતા ન હતા. ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી મોદીજી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ એ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓના પરિવારજનોને ફ્રી મેડીકલ સારવાર મળે તે માટે ખાસ નિર્ણય લેવામાં આવેલ હતો અને આજે પણ તેઓના વિવિધ પ્રકારના રોગો, ગંભીર પ્રકારના રોગો માટેની સારવાર મળી રહે છે.**

**આજની પ્રથમ બેઠકમા પ્રશ્નોત્તરી કાળમાં કોંગ્રેસના સભ્યો પૈકી ડો.અનિલ જોષીયારા,ગ્યાસુદ્દૂન શેખે પેટા પ્રશ્નો પૂછીને કોંગ્રેસના અન્ય સભ્યો જે નાસીપાસ દેખાતા હતા કે મૌન હતા તેઓમાં ઉત્સાહ પેદા થાય તેવો પ્રયત્ન કર્યો હતો... જોકે શૈલેષ પરમારે પ્રશ્ન પૂછ્યો હતો પરંતુ પ્રશ્નકાળ પુરો થઈ ગયો હતો.. જ્યારે વિપક્ષ નેતા ધાનાણી કાગળ પર નોંધ કરતા જોવા મળ્યા હતા.**

**પરંતુ પ્રશ્નોત્તરીમાં કોઈ ભાગ લીધો ન હતો.**

**આજે પ્રશ્નોત્તરીમા લેખિતમા પુછાયેલ પ્રશ્નોમાં લેખિતમાં આપેલ જવાબ બાબતે નજર કરીએ તો ઓલપાડના ધારાસભ્યના કોરોના મહામારીને કારણે વિદેશમાં ફસાયેલા ગુજરાતીઓને વતન પરત લાવવાની સરકારે કરેલી કાર્યવાહીનો પ્રશ્ન કરેલ જેના જવાબમાં બિનનિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રીશ્રીએ જણાવેલ છે કે કોરોના મહામારીને કારણે વિદેશમાં ફસાયેલા ગુજરાતીઓને વતનમાં લાવવા ભારત સરકારના સંકલનમાં વંદે ભારત મિશન અન્વયે હવાઈ અથવા દરિયાઈ માર્ગે છેલ્લા એક વર્ષમાં ૮૭,૧૪૪ ગુજરાતીઓને વતન પરત લાવવામાં આવ્યા હતા. વિદેશથી પરત ફરતા બિનનિવાસી ગુજરાતીઓને અનુકૂળ હવાઈમથક કે બંદર ખાતે આરોગ્ય ચકાસણી કરીને કોરોના ધારાધોરણો અનુસાર ક્વોરેન્ટાઈન કામગીરી કરવામાં આવતી અને તેમના જિલ્લા સુધી પહોંચાડવાની સુવિધા પૂરી પાડેલ હતી.**

### રોહિંગ્યાઓ પાસેથી ગેરકાયદેસર દસ્તાવેજો પણ મળ્યા

## જમ્મુ-કાશ્મીરમાં ૧૦,૦૦૦ રોહિંગ્યાઓને મ્યાનમાર મોકલવાની તૈયારીમાં સરકાર



ન્યુ દિલ્હી,તા.૩

જમ્મુ કાશ્મીરમાં ગેરકાયદેસર રીતે રહેતા આશરે ૧૦,૦૦૦ રોહિંગ્યાઓને પાછા મ્યાંમાર મોકલવાની તૈયારી શરૂ કરી દેવાઈ છે. ગૃહ મંત્રાલયના નિર્દેશના આધારે જમ્મુ કાશ્મીરમાં રહેતા રોહિંગ્યાઓની વિગતો એકઠી કરવામાં આવી રહી છે અને તમામ જિલ્લામાં ચકાસણી થઈ રહી છે. ગેરકાયદેસર રીતે રહેતા તમામ રોહિંગ્યાઓને વિવિધ સ્થળોએથી ખસેડીને પાછા મોકલવામાં આવશે અથવા ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે. ઉપરાંત પ્રદેશમાં ડિટેન્શન સેન્ટર સ્થાપવાની કવાયત પણ આરંભી દેવાઈ છે. સરકારી અહેવાલ પ્રમાણે પ્રદેશમાં ૬,૫૨૩ રોહિંગ્યાઓ રહે છે જેમાંથી ૬,૪૬૧ જમ્મુમાં જ્યારે ૬૨ કાશ્મીરમાં રહે છે. ઉપરાંત તેઓ લદ્દાખમાં પણ કામચલાઉ ઘરો બનાવીને વસી રહ્યા છે. ૧૩,૬૦૦ વિદેશી નાગરિકો જેમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓનો સમાવેશ થાય છે તે ત્યાં રહેતા હોવાનું માનવામાં આવે છે. જમ્મુ કાશ્મીરમાં રહેતા રોહિંગ્યાઓ પાસેથી સ્ટેટ સબ્જેક્ટ, વોટર આઈકાર્ડ, રેશન કાર્ડ અને આધાર કાર્ડ પણ મળી આવ્યા છે. અનેક રોહિંગ્યાઓ તો વીજળીનું બિલ પણ ભરે છે. ૨૦૧૭માં એક રોહિંગ્યા પાસેથી સ્ટેટ સબ્જેક્ટ, આધાર કાર્ડ મળ્યા બાદ પ્રશાસન સતર્ક થઈ ગયું હતું. તે પરિવારના ૭ સદસ્યોના નામ પણ રેશન કાર્ડમાં નોંધાયેલા હતા. ઉપરાંત પરિવારના એક સદસ્ય પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ હતું. રોહિંગ્યાઓ સામે અનેક ગુનાહિત કેસ પણ નોંધાયેલા છે. તેઓ પાકિસ્તાનની આઈએસઆઈ, આતંકવાદી સંગઠન આઈએસ અને અલગાવવાદી સંગઠનો સાથે સાંઠગાંઠ ધરાવતા હોવાની પણ આશંકા છે. સૈન્ય કેમ્પની આસપાસના વિસ્તારોમાં પણ રોહિંગ્યાઓની વસ્તી છે. સંસદમાં રોહિંગ્યાઓને ખસેડવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે. સૈદ્ધાંતિક સ્તરે સરકાર તેમને પાછા મોકલવાનો નિર્ણય કરી ચુકી છે. જો કે વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### કોરોના રસી આપવાની દેશની તમામ ખાનગી હોસ્પિટલોને કેન્દ્રની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૩

કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય લઈને દેશમાં તમામ ખાનગી હોસ્પિટલોને કોવિડ વેક્સિનેશન સેન્ટર તરીકે કામ કરવાની મંજૂરી આપી છે. અગાઉ માત્ર, આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના નામની કેન્દ્ર સરકાર પ્રેરિત આરોગ્ય યોજના તથા એના જેવી જ રાજ્ય આરોગ્ય વીમા યોજનાઓ સાથે સંકળાયેલી ખાનગી હોસ્પિટલોને જ કોરોના-સેન્ટર તરીકે અને કોરોના રસી આપવાની પરવાનગી અપાઈ હતી. પરંતુ, હવે સરકારે તમામ ખાનગી હોસ્પિટલોને એ છૂટ આપી દીધી છે.સરકારે કહ્યું છે કે જે ખાનગી હોસ્પિટલો પાસે પર્યાપ્ત સંખ્યામાં વેક્સિનેટર્સ હોય, વેક્સિન અપાઈ ગયેલી વ્યક્તિઓ પર દેખરેખ રાખવા માટે પર્યાપ્ત જગ્યા હોય, પર્યાપ્ત કોલ્ડ-ચેન વ્યવસ્થા હોય તેઓ કોવિડ વેક્સિનેશન સેન્ટર તરીકે કામ કરી શકશે. કેન્દ્ર સરકારે એક કડક સૂચના પણ આપી છે કે, રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોએ રાજ્ય કે જિલ્લા સ્તરે કોવિડ-૧૯ની રસીઓનો સંગ્રહ કરવો નહીં, રસીઓને અનામત સ્થિતિમાં રાખવી નહીં, રસીઓનો બફર સ્ટોક નિર્માણ કરવો નહીં.

## બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ.૪૪૨ કરોડની જોગવાઈ

*ગાંધીનગર,તા.૩*

બિન ઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતી માટે ઉપયોગમાં લઇ શકાય તે હેતુથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરી છે. આ યોજનામાં પ્રથમ તબક્કે કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ૫૦ હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન આધુનિક ટેક્નોલોજીથી ઉપજાઉ બનાવવા માટે અને તે દ્વારા મોટી સંખ્યામાં નવી રોજગારીનું નિર્માણ કરવા માટે પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ભાડાપટ્ટે આપવામાં આવશે. જેના થકી બે લાખ મેટ્રિક ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઊભી થશે.

આ યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નર્સરીઓ અને સેન્ટર ઓફ એક્સેલેન્સના સુદ્દઢીકરણ તેમજ અર્બન હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કેન્દ્રોમાં તાલીમ આપવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ખેડૂતોના નામે ફરનારા અને ચરનારા કેટલાય આવ્યા અને કેટલાય ગયાઃ નીતિન પટેલ

*ગાંધીનગર,તા.૩*

ગુજરાતના બજેટ ૨૦૨૧માં ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પર મુખ્ય ફોકસ કરવામાં આવ્યુ હતું. બજેટ ૨૦૨૧માં ખેડૂતો માટે અનેક મોટી જાહેરાત કરવામાં આવી છે. કૃષિ તથા બાગાયત વિભાગ માટે મોટી જાહેરાત કરી છે. જોકે, ખેડૂતો અંગે જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ટકોર કરતા કહ્યું હતું કે, 'ખેડૂતો એમ ને એમ અમારા તરફ નથી વળ્યા. આ ખેડૂતોને ખબર છે કે, ભાજપ જ અમારો સાચો ઉદ્ધાર કરાનારું છે. બાકી ખેડૂતોના નામે ફરનારા અને ચરનારા કેટલાય આવ્યા અને કેટલાય ગયા...કોઈ માથે ન લેતા. હું બહારના લોકો માટે કહું છું. તમારા કોઈના માટે નથી કહેતો. આ અંશમાં બધા ચોખ્ખા.' ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં દેશભરમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને મુદ્દે નાયબ મુખ્યમંત્રીએ આ ટકોર ગૃહમાં કરી હતી.

### દિવસના અંતે સેન્સેક્સ ૫૧૦૦૦ની સપાટી વટાવી

## શેરબજારમાં તેજી: સેન્સેક્સમાં ૧૧૪૮ પોઈન્ટનો ઉછાળો

*(જી.એન.એસ)મુંબઈ,તા.૩*

શેરબજારમાં આજે બંધ થતાની સાથે ઉછાળો જોવા મળ્યો છે. જેમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સક્સ +૧,૧૪૭.૭૬ પોઈન્ટ એટલે કે (૨.૨૮%) ના વધારા સાથે ૫૧,૪૪૪.૬૫ ના સ્તર પર બંધ રહ્યો છે.

તેમજ નેશનલ સ્ટોક એક્સચેંજની નિફ્ટી +૩૨૬.૫૦ પોઈન્ટ્સ એટલે કે (૨.૧૯%) ટકા ઉછાળા સાથે ૧૫,૨૪૫.૬૦ ના સ્તર પર બંધ રહી છે. તેમજ આજે સેન્સેક્સે બંધ થતા ૫૧,૦૦૦ની સપાટી કુદાવી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, રિલાયન્સ, બજાજ ફાઈનાસન્સ અને યુપિલના શેર લીલા નિશાન પર બંધ થયાં છે. તેમજ હીરો મોટરકોર્પ, મારુતિ, બજાજ ઓટો, એમએન્ડએમ અને બી.પી.સી.એલ.ના શેર લાલ નિશાન પર બંધ થયાં છે.

સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ઓટો સિવાયના બધા સેક્ટર્સ લીલા નિશાન પર બંધ થયા છે. તેમજ પીએસયુ બેંક, ફાઈનાન્સ સર્વિસિસ, એફએમસીજી, આઈટી, બેંક, ફાર્મા, પ્રાઈવેટ બેંક, મેટલ, મીડિયા અને રિયલીટીનો સમાવેશ થાય છે. ભારતીય શેરબજારમાં બુધવારે સતત ત્રીજા દિવસે તેજીમય માહોલ આગળ વધ્યો હતો. આ સાથે માર્કેટકેપ પણ વધીને રૂપિયા ૩.૫૦ લાખ કરોડ થયું છે. હેવી વેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં વ્યાપક પ્રમાણમાં તેજીમય માહોલ જોવા મળ્યો છે. આજે શેરની કિંમત આશરે ૫ ટકા જેટલી વધી રૂપિયા ૨૨૦૦ પાર થઈ ગઈ હતી. જ્યારે અદાણી ગ્રુપની કંપનીના શેરોમાં પણ ભારે તેજી જોવા મળી હતી. અદાણી ટ્રાન્સમિશન, અદાણી ગેસના શેરોમાં ભારે તેજી જોવા મળી હતી. અદાણી પાવરના શેરોમાં પણ આશરે ૬ ટકાની તેજી નોંધાવી હતી. આ અગાઉ સેન્સેક્સ ૨૫ ફેબ્રુઆરીના રોજ ૫૧,૦૩૯.૩૧ના લેવલ પર બંધ રહ્યો હતો.આજની તેજીને પગલે કંપનીનું માર્કેટકેપ વિક્રમજનક રૂપિયા ૨૧૦.૧૦ લાખ કરોડ થઈ ગયુ છે. આ અગાઉ સેન્સેક્સ આજે સવારે ૪૪૧.૩૨ પોઈન્ટ ઉછાળા સાથે ૫૦,૭૩૮.૨૧ પર ખુલ્યો હતો.

## રાજ્યમાં દિપડાના મેગા રેસ્ક્યુ સેન્ટર બનાવાશેઃ બજેટમાં જાહેરાત

*ગાંધીનગર,તા.૩*

ગુજરાતના સિંહો હવે જગવિખ્યાત છે. પણ ગુજરાતના દીપડા કુખ્યાત બની રહ્યાં છે. ગ્રામ્ય અને જંગલી વિસ્તારમાં દીપડાનો આતંક સામાન્ય બની ગયો છે. ગુજરાતમા રોજેરોજ કોઈને કોઈ ખૂણે દીપડો દેખાય જાય છે, તો સમયાંતરે દીપડાના આતંકના કિસ્સા સામે આવતા રહે છે. ત્યારે ગુજરાતમાં ગમે ત્યારે એટેક કરતા દીપડાઓ અંગે બજેટમાં મોટી જાહેરાત કરાઈ છે. ગુજરાતમાં દીપડાના મેગા રેસ્ક્યુ સેન્ટર બનાવવાની જાહેરાત બજેટમાં કરાઈ છે.

ગુજરાતના બજેટમાં નાયબ મુખ્યમંત્રીએ જાહેરાત કરી કે, ગુજરાતમાં દીપડા માટે મેગા રેસ્ક્યૂ સેન્ટર બનશે. ૭ કરોડના ખર્ચે ગુજરાતમાં દીપડા માટે રેસ્ક્યૂ સેન્ટર બનાવવામા આવશે. આ ઉપરાંત એશિયાઈ સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્રના લાયન પ્રોજેક્ટના પહેલા તબક્કા માટે બજેટમાં ૧૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જે અંતર્ગત જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, મહેસુલી, વીડી વિસ્તારમાં સિંહોનું સંરક્ષણ કરવામાં આવશે. સિંહોના ખોરાક વધારવા સાંભર બ્રિડિંગ સેન્ટર ૧૦ કરોડના ખર્ચે બનશે.

## પત્નિને પરાણે પતિ સાથે રહેવા મજબૂર ના કરી શકાયઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું હતું કે, મહિલા કોઈની ખાનગી સંપત્તિ નથી. અદાલતે કહ્યું હતું કે, પત્નીને પરાણે પતિ સાથે રહેવા મજબુર કરી ના શકાય. એક વ્યક્તિએ અરજી દાખલ કરી હતી કે, અદાલત તેની પત્નીને આદેશ આપે કે તે ફરીથી તેની સાથે રહેવા આવે. આ કેસની સુનાવણી દરમિયાન અદાલતે આ ટિપ્પણી કરી હતી.

જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ હેમંત ગુપ્તાની બેંચે કહ્યું હતું કે, તમને શું લાગે છે? શું મહિલા કોઈની ગુલામ છે કે અમે આદેશ આપી દઈશું? શું પત્ની કોઈની અંગત સંપત્તિ છે કે તેને તમારી સાથે રહેવાનો નિર્દેશ આપી શકાય?

આ સમગ્ર વિવાદના મૂળમાં વૈવાહિક અધિકારની પુનઃસ્થાપના માટેનો હુકમ છે, જે ગોરખપુરની ફેમિલી કોર્ટે ૨૦૧૯ માં આપ્યો હતો. મહિલાએ કહ્યું કે ૨૦૧૩ માં લગ્ન કર્યા બાદ તેના પતિએ દહેજ માટે તેના પર ત્રાસ આપ્યો હતો, મજબૂરીથી તે અલગ રહેવા લાગી હતી. ૨૦૧૫માં, જ્યારે તેણે ભરણ-પોષણ માટે કેસ કર્યો હતો. ગોરખપુર કોર્ટે તેના પતિને મહિને ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ પતિએ લગ્નના અધિકારની પુનઃસ્થાપના માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે પતિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

દામ્પત્ય અધિકારોની બહાલીનો નિર્ણય થતા જ પતિ ફરી અદાલત ગયો. આ વખતે એમની સમસ્યા ભરણ-પોષણની ચુકવણીને લઇ હતી જ્યારે તેઓ પત્ની સાથે રહે છે તો ભરણ-ચુકવણી કઈ વાતની? અલ્હાબાદ કોર્ટે એમની અરજી ફગાવી દીધી હતી ત્યાર પછી તેઓએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા. બચાવમાં મહિલાએ કહ્યું હતું કે, પતિની આ આખી 'રમત' એ ભરણ-પોષણ ચૂકવવાનું ટાળવાની છે. તેનો પતિ ત્યારે ફેમિલી કોર્ટમાં ગયો હતો જ્યારે તેને આવુ કરવાનો આદેશ કરવામાં આવ્યો.

### મમતા બેનરજીને વધુ એક ઝટકો

## ટીએમસીના ૩ કાઉન્સિલર અને વિધાનગરના મેયર ભાજપમાં જોડાયા

કોલકાત્તા,તા.૩

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક છે તેમ નેતાઓની પાર્ટી બદલવાની પ્રક્રિયા ચાલુ છે. બુધવારે, આસનસોલના ત્રણ સલાહકારો સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. ત્રણેય સલાહકારોએ કોલકાતામાં ભાજપનું સભ્યપદ લીધું છે. આની સાથે બિધાનગરના મેયર-ઈન-કાઉન્સિલ દેવાશીષ જાના પણ ભાજપમાં જોડાયા છે.

આ અગાઉ મંગળવારે આસાનસોલના પૂર્વ મેયર અને પોંડેશ્વરના ટીએમસી ધારાસભ્ય જીતેન્દ્ર તિવારી પણ ભાજપમાં જોડાયા છે. મંગળવારે જીતેન્દ્ર તિવારી શ્રીરામપુર હુગલીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ દિલીપ ઘોષની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. ચૂંટણીને કારણે, ઘણા નેતાઓ આ સમયે એક પક્ષ છોડીને અન્ય પક્ષોમાં જઈ રહ્યા છે. તે ઘણા સમયથી બંગાળમાં જોવા મળી રહી છે.

પશ્ચિમ બંગાળમાં આ મહિને અને આવતા મહિને એપ્રિલમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે આઠ તબક્કામાં ચૂંટણી યોજવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં પ્રથમ તબક્કાના મતદાન ૨૭ માર્ચે અને અંતિમ તબક્કા માટે ૨૯ એપ્રિલે મતદાન થવાનું છે. ચૂંટણીના પરિણામો ૨ મેના રોજ જાહેર કરવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં હાલમાં તૃણમૂલ કોંગ્રેસની સરકાર છે અને મમતા બેનર્જી મુખ્યમંત્રી છે. સમજાવો કે પશ્ચિમ બંગાળની સાથે વધુ ચાર રાજ્યો પણ વિધાનસભાની ચૂંટણીમાં જવાના છે. પશ્ચિમ બંગાળ સિવાય કેરળ, તામિલનાડુ, આસામ અને કેન્દ્રશાસિત પ્રદૂચેરીમાં પણ ચૂંટણીઓ યોજાઈ રહી છે. આ રાજ્યોના પરિણામો પણ ૨ મેના રોજ જ આવશે. બધા રાજ્યોના પરિણામો એક સાથે આવશે.

## મહિલા અને બાળ વિકાસ માટે કુલ ૩૫૧૧ કરોડની જોગવાઈ

*ગાંધીનગર,તા.૩*

સશક્ત મહિલા સુપોષિત ગુજરાતના અભિગમ સાથે રાજ્યમાં ૫૩ હજારથી વધુ આંગણવાડીઓ મારફત અંદાજીત ૬૦ લાખ બાળકો, કિશોરીઓ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણનો લાભ આપવામાં આવે છે.

- પૂરક પોષણ યોજનાઓ માટે ૯૩૯ કરોડની જોગવાઇ.
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજીત ૮ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા ૭૦૦ કરોડની જોગવાઇ.
- રાજ્યની ૧૫થી ૧૮ વર્ષની ૧૧ લાખ ૭૬ હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજના અંતર્ગત ૨૨૦ કરોડની જોગવાઇ.
- વિકાસશીલ તાલુકાઓ અને આદિજાતિ વિસ્તારના મળી કુલ ૮૩ તાલુકામાં આંગણવાડી લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટેની દૂધ સંજીવની યોજના અંતર્ગત ૧૩૬ કરોડની જોગવાઇ.
- ૭ માસથી ત્રણ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ સ્તરમાં સુધારો લાવવા પ્રાયોગિક ધોરણે ડાંગ, દાહોદ, નર્મદા, દ્વારકા અને ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક ઔષધિઓના ઉપયોગનું આયોજન છે. જે માટે ૯ કરોડની જોગવાઇ.
- નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદ્રઢ કરવા અને આંગણવાડીમાં અભ્યાસ અર્થે આવતા ૧૬ લાખથી વધુ બાળકોનો ગુણવત્તાપૂર્ણ સર્વાંગી વિકાસ માટે પાપા પગલી યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે ૫ કરોડની જોગવાઇ.
- સામાજિક ઉત્થાનના પ્રયાસ રૂપે પુનર્લગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થી દીઠ ૫૦ હજારની સહાય કરવામાં આવશે. આ ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન સહાય યોજના મટે ૩ કરોડની જોગવાઇ.

# કૃષિ, ખેડૂત કલ્યાણ માટે ૭૨૩૨ કરોડની જોગવાઇ

*ગાંધીનગર,તા.૩*

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે વિધાનસભામાં નવમી વખત ગુજરાતનું બજેટ રજૂ કર્યુ હતું. ગુજરાતનું ૨ લાખ ૨૭ હજાર ૦૨૯ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યુ છે. ગુજરાતના બજેટમાં કૃષિ પર ભાર મુકવામાં આવ્યો હતો. કૃષિ ખેડૂત કલ્યાણ માટે ૭ હજાર ૨૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

વાવણીથી કાપણી સુધીના તબક્કા હોય કે પછી ખેત પેદાશો બજાર સુધી પહોચાડવાની વાતમાં ગુજરાત સરકાર ખેડૂતોના પડખે ઉભી રહી છે. રાજ્યના ખેડૂતોને વધુ સક્ષમ, સંસાધન સભર અને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે.

- રાજ્યના ૪ લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર (ટબ) વિના મૂલ્ય આપવાની યોજના માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ
- ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. ૧૦ લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. ૮૨ કરોડની જોગવાઈ
- બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઇડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. ૫૫ કરોડની જોગવાઈ
- એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીંકેજીસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
- ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પ્રથમ વર્ષે રૂ. ૧૦ હજાર તથા બીજા વર્ષે રૂ. ૬ હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ.
- ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધુ વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ
- ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- રોગ-જીવાતના સમયસર સરવે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦ જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે રૂ. ૨ કરોડની જોગવાઇ.

કૃષિ બજાર વ્યવસ્થા

- ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ ૭૮ કરોડની જોગવાઇ.
- તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે ૫૦ ટકા કેપિટલ સહાયની યોજના હેઠળ ૬ કરોડની જોગવાઇ.

કૃષિ સંશોધન અને શિક્ષણ-રાજ્ય કૃષિ યૂનિવર્સિટીઓ

- રાજ્ય કૃષિ યૂનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે ૬૯૮ કરોડની જોગવાઇ.

કામધેનુ યુનિવર્સિટી

- કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે ૧૩૭ કરોડની જોગવાઇ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે પાંચ પધ રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : લક્ષ્ય,ધ્યેય,માર્ગ

..સંપર્ક સૂત્રો....

.હ્વટ્ઠહકટ્ઠૈઅિક્ઠદ્બહીજ.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

**NOS SS No : 0082**

વિષયઃ લક્ષ્ય- ધ્યેય– ગોલ
શીર્ષકઃ. ઉત્તમ ધ્યેય
પ્રકારઃ પધ

ઉત્તમ ધ્યેય
ધ્યેય વિનાનું જીવન નકામું,
જીવન વિના શ્વાસ નકામા,
શ્વાસ વિના પ્રાણ નકામા,
પ્રાણ વિના આ દેહ નકામા,
દેહ વિના સૃષ્ટિ દાતા નકામા,
સૃષ્ટિદાતા વિના આકાર નકામા
આકાર વિના શબ્દ નકામા,
શબ્દ વિના ભાવ નકામા,
ભાવ વિના વ્યવહાર નકામા,
વ્યવહાર વગર જીવન નકામા,
જીવન વિના જગત નકામા,
જગત વિના સૌ નકામા,
સૌના સાથ વિના ઘર નકામા,
ઘર વિના સંસાર નકામા

ડો અનિરુદ્ધ વ્યાસ..
નડિયાદ (નટ પુર)

---

**NGO SS: 0089**

વિષય : આપણા જીવનનું ધ્યેય લક્ષ્ય
પ્રકાર : પધ
શીર્ષક : કાવ્ય
રેખા શુકલ

લીમીટલેસ શમણાં સતાવી જગાડે સાચુકલું ખોળી છોને
ભોર ભઈ નવલા દિવસની માણસ હોવાની ભ્રમણા છોને
ઘટમાળ છે તારીખોને બદલી ઘટના થયાનો શોખ છોને
સાસરિયાં પ્રિયજન પિયરિયા પ્રિયજન સાચુ કહો છોને
પાગલને પુસ્તક નક્ષત્રમાં આસ્થા પુષ્યને આગમને છોને
અટળક પ્રેમ ને સહકારે ઉભરાતી લાગણીનો ભાવ છોને
વળી વળી ને રોજ બકતો મુખારવિંદે ઝૂરે સવાલ છોને
પ્લાસ્ટિકની ક્રેડિટ ડેબીટમાં વેચાતું ઉછીનું સ્મિત છોને
ભાનવગરના અમે ભાવ વગરની દુનિયે રહીએ છોને
પર્ણ ખરે છે આશિષ દેતું વૃક્ષ રડે છે વંટોળ સંગ છોને
હૃદયપંખીડું સંગીતમય તાનમાં નર્તન કરતું ગીત છોને
પંખીઓની ભાઇબંધી ને ગુંજન કંગને સખીઓ છોને
અર્પણ કરીએ કવિઓને મોતીડાં અક્ષર હસતાં છોને
લપસણીએ ખડખડાટ હસે તર્પણ થઈ કવિતા છોને

રેખા શુક્લ.અમેરિકા

---

**NOG SS No : 0077**

વિભાગઃપધ મૌલિક
વિષયઃધ્યેય/લક્ષ્ય
શીર્ષકઃમાયાનાં વમળ

હે પ્રભુ,
અજબ તારી માયા..!
વીતી ક્ષણો,
વીતી પળો,
દિવસો વિત્યા,
મહીના વિત્યા.
આ કરું કે તે કરું..!
અહીંથી લઉં કે
ત્યાંથી લઉં...!
સઘળું ભેગું કરી
ક્યાં સંઘરવું...?
એ જ એષણા.
આ સઘળી વમળોની માયા કે માયાનાં વમળો...?
એ નાહકની મુંઝવણમાં
સહુ મુંઝાયા..!
આ જાદુઈ માયાજાળમાં
સહુ ભરમાયા...!
વિવાદોનાં વમળોમાં
સહુ અટવાયા...!
સંશયના વમળોમાં
સહુ શરમાયા....!
જડતાનાં વમળોમાં
સહુ જકડાયા....!
આશાનાં વમળોમાં
સહુ સલવાયા...!
વેદનાનાં વમળોમાં
સહુ વલોવાયા..!
વિચારોનાં વમળોમાં
સહુ સંડોવાયા...!
મનનાં ચંચળ વમળોમાં સહુ છેતરાયા...!
ચંચળ મન ચારે તરફ ફર્યા કરે,
સંસારની માયાઓનાં
વમળમાં ગૂંચવાયા કરે...!

આ તો પ્રભુ તણી અકળ લીલા...!
ના ભરમાશો ,
આ વમળો તો
છે ઢીલા...!
કરો મન કાબૂમાં,
ના રાચો કાયમ
સમણાંઓમાં...!
કરો પ્રબળ જીવવાની
જિજીવિષા,
બનાવો એને જ
અભિલાષા...!
માયાના વમળો થકી
આરંભ કે અંત...?
છોડો નિરાશા,
કરો શુભારંભ નવજીવનનો,
કરો પ્રારંભ નવસર્જનનો ...!
નિર્ધારીત લક્ષ્ય જ સહજ જીવનનો આરો,
એનાં થકી જ માયાના વમળોમાંથી સૌને
પાર ઉતારો...!

ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ

---

**NOG.SS.No : 0026**

પધ - એક રચના
નામ - અંજના ગાંધી "મૌનુ"
ગામ - વડોદરા
વિષય- લક્ષ્ય, ધ્યેય.
શીર્ષક - ચાલવાનું રાખવું.

ધ્યેય સુધી પહોંચવા, ચાલવાનું રાખવું.
છોને, મંઝિલ દૂર ઘણી ચાલવાનું રાખવું.
ખૂબ રસ્તે કંકર અને કાંટા ડગરમાં ચૂભતાં,
ના કર નજર એના ભણી, ચાલવાનું રાખવું.
એક રસ્તો હોય પણ નાની બધી ત્યાં સો ડગર,
લક્ષ્ય તારું જે ભણી, ત્યાં ચાલવાનું રાખવું
લક્ષ્યને તો આંબવા ક્યાં છે બધાં સક્ષમ અહીં,
ધ્યાન રાખી એ ભણી, ચાલવાનું રાખવું.
એજ ધ્યેયને પામતાં જેને ધૂન ને હો લગન,
એજ જાશે શિખર ભણી, ચાલવાનું રાખવું.

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

**NOG SS No : 0032**

વિભાગઃપધ મૌલિક
વિષયઃધ્યેય/લક્ષ્ય
શીર્ષકઃ ધ્યેય

"મારી મંઝિલ છે મારી રાહ..
કોઈનો સાથ હોય કે ના હોય..
મારા જીવનમાં મારી આંખોમાં
કાજલ નથી આંજવું પણ
સાહસ આંજવું રહ્યું....
મારો ધ્યેય મારી આકાંક્ષા...
સંકટોનાં વિરાટ સાગરને
પાર કરી હોડી હંકારી સામે
પાર જાવું મારે.....
સાગર સુધી પહોંચવાનો ,
ટૂંકો મારગ કયો...?એમ સરિતા
પણ ક્યા કોઈ ને પૂછે છે? કે
કોઇને કહે છે.?
એ ને જાવું સાગર સમીપે,
એને જાવું સાગર સમીપે...

મીના માંગરોલીયા

---

## પાટણમાં ભાજપે જીતની ખુશીમાં આભાર દર્શન રેલી યોજી

પાટણ નગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં મંગળવારે મતગણતરી બાદ ભારતીય જનતા પાર્ટીએ ૩૮ બેઠકો મેળવીને ઐતિહાસિક જીત મેળવી છે. ત્યારે આ ઐતિહાસિક વિજયના વધામણાં કરવા તથા મતદારોનો આભાર માનવા ભાજપ દ્વારા ભવ્ય આભાર દર્શન રેલીનું આયોજન પ્રદેશના ભાજપના પૂર્વ મહામંત્રી કે.સી પટેલની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. પાટણ નગરપાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ મંગળવારે મતગણતરી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં વોર્ડવાઈઝ પરિણામો જાહેર થતાં ગયા અને ભાજપની ચેનલો વિજય બનતા કુલ ૩૮ બેઠકો મેળવતા ભાજપે સ્પષ્ટ જંગી બહુમતી મેળવી હતી જેના પગલે કોંગ્રેસની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો. શહેર ભાજપ દ્વારા શહેરના રેલવે સ્ટેશનથી વિઠ્ઠલ ચેમ્બર સુધી આભાર દર્શન રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં ભાજપના ઉમેદવારો સમર્થકો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં. જીતના જશ્નમાં રેલવે સ્ટેશન ખાતે ભવ્ય આતશબાજી કરી પ્રસ્થાન થયેલી રેલી શહેરની બજારમાંથી પસાર થતાં ઠેરઠેર ફૂલહાર અને પુષ્પવર્ષા કરી સન્માન કરવામાં આવ્યું હતું તો ઉમેદવારોએ પણ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે નગરપાલિકા ના પૂર્વ કોર્પોરેટર તેમજ વર્તમાન નગરપાલિકાની ચૂંટણીમાં જંગી બહુમતીથી જીતનાર મુકેશભાઈ જે પટેલે જણાવ્યું હતું કે પાટણ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રજાના સાથ સહકારથી જીત હાંસલ કરી છે. પ્રજાએ ભારતીય જનતા પાર્ટીની વિકાસની રાજનીતિને સમર્થન આપ્યું છે. ત્યારે ભાજપના ચૂંટાયેલા સભ્યો પ્રજાની વચ્ચે રહી ગામડાના છેવાડાના લોકો સુધી સરકારની વિવિધ યોજનાઓ પહોંચાડશે વિકાસની રાજનીતિને આગળ વધારવામાં આવશે

પ્રજાએ ભારતીય જનતા પાર્ટીની વિકાસની રાજનીતિને સમર્થનઆપ્યું છેઃ એમ જે પટેલ

નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર તેમજ વર્તમાન પાટણ નગરપાલિકાની ચૂંટણી જીતનાર મનોજભાઈ પટેલે જણાવ્યું કે પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના વિકાસના કાર્યોને સમર્થન આપ્યું છે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં સમગ્ર દેશ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે ગુજરાત સહિત પાટણની જનતા એ ભાજપની વિકાસની રાજનીતિને સમર્થન આપ્યું છે પાટણ ના મતદારોનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ વિકાસની યાત્રાને આગળ વધારવામાં આવશે અને બાકીના વિકાસના કામોને ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે

---

### રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં
## સાત વોર્ડમાં શક્તિ કૂલ ૧૨૩ મતદારોએ નોટાનું બટન દબાવીને ઉમેદવારોને નકાર્યા




રાજપીપળા, તા. ૩

રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં સાત વોર્ડમાં શક્તિ કૂલ ૧૨૩ મતદારોએ નોટાનું બટન દબાવીને ઉમેદવારોને નકાર્યા હતા. જેમા સૌથી વધુ નોટા ના મત નંબર ૨માં ૨૮ નોટા ના મત પડયા હતા .જ્યારે સૌથી ઓછા નોટા નામત વોર્ડનંબર ત્રણ અને ૬ મા ૧૦નોટા પડ્યા હતા.

જ્યારે વોર્ડનંબર ૧ માં ૧૨ ,પછી વોર્ડ નંબર ૨ માં ૨૮,વોર્ડ નંબર ત૩ માં૧૦,વોર્ડ નંબર ૪મા ૧૬, વોર્ડ નંબર ૫ મા ૨૨ , વોર્ડનંબર ૬ માં ૧૦ અને વોર્ડનંબર ૭મા ૨૫નોટા પર મતદારોએ બટન દબાવી તેમને પોતાના વોર્ડ મા ઉમેદવારી કરનાર એક પણ ઉમેદવાર પસંદ ન પડતા તેમણે નકાર્યા હતા.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

---

## નગરપાલિકાના વિજેતા મહિલા ઉમેદવાર શણગારેલા ઘોડા પર બેસીને વિજય સરઘસ મા જોડાયા.



રાજપીપળા, તા. ૩

રાજપીપળા નગરપાલિકાએ ભાજપમાં સત્તાના સૂત્રો ગ્રહણ કર્યા પછી નગરમાં વિજય સરઘસ નિકળ્યા હતા.જેમાં રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નંબર ૪ માંથી ચૂંટાયેલા ભાજપના પૂર્વ મહિલા કોર્પોરેટર કિંજલબેન તડવી ફરીથી ચૂંટાઇ આવતા તેમણે વિજય સરઘસમાં ઘોડાઉપર બેસીને આભાર માન્યો હતો. શણગારેલા ઘોડા ઉપર બેસીને કિંજલબેન નગરમાં તથા પોતાના વોર્ડ મા પણ ફરીને ઘોડા ઉપર બેસીને મતદારોનો આભાર માન્યો હતો. શણગારેલા ઘોડા પર બેસીને આવેલા વિજેતા મહિલા ઉમેદવાર નું આગમન લોક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

રિપોર્ટ : જયોતિ જગતાપ,રાજપીપળા

---

## પાલનપુર, ડીસા, ભાભર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલ કાર્યક્રમ મુજબ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, થરા નગરપાલિકાની વોર્ડ નં. ૧ (બીજી, ત્રીજી) અને ધાનેરા નગરપાલિકાની વોર્ડ નં. ૩(બીજી), કાંકરેજ તાલુકા પંચાયતની ૧૪-માંડલા, દાંતીવાડા તાલુકા પંચાયતની ૯-મોટી મહુડીની બેઠકની પેટા ચૂંટણી તા. ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ ના રોજ યોજાઇ હતી. જેની મતગણતરી તા. ૨ માર્ચ-૨૦૨૧ ના રોજ જગાણા એન્જીનિયરીંગ કોલેજ સહિત સંબંધિત તાલુકા મથકોએ હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. ધાનેરા અને થરા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં પણ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજય થયાં છે. જયારે દાંતીવાડા તાલુકા પંચાયતની મોટી મહુડી બેઠક પર ભાજપ અને કાંકરેજ તાલુકા પંચાયતની માંડલા બેઠક કોંગ્રેસને ફાળે આવી છે.

---

## નર્મદામાં ચૂંટણીના પરિણામો બાદ રાજકીય અદાવતોનો દોર શરૂ

રાજપીપળા,તા.૩

નર્મદામાં ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજકીય અદાવતોનો દોર શરૂ થયો છે.જેમાં તિલકવાડા તાલુકાના ઝાઝપુરા ગામે કોંગ્રેસને મત કેમ આપ્યો આ બાબતે બોલાચાલી અને ઝઘડો થતાં લોખંડની પાઈપ વડે હુમલો કરી જીવલેણ હુમલો કરી મારામારી કરી ગંભીર ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપવાનો પાણી પોલીસ ઘડિયાળ મારી સામે નો થાય છે. જેમાં ફરિયાદી યોગેશભાઇ રણછોડભાઇ બારીયા ( રહે.ઝાઝપુરા તા.તિલકવાડા)એ ૨આરોપીઓ વિજયભાઇ નટવરભાઇ બારીયા,નટવરભાઇ છગનભાઇ બારીયા,ગોપાલભાઇ છગનભાઇ બારીયા, મંગુભાઇ બબાભાઇ બારીયા તમામ (રહે, ઝાઝપુરા ) સામે તિલકવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. ફરિયાદની વિગત અનુસાર આરોપીએ ફરીયાદી પાસે જઇ જણાવેલ કે તમે કેમ કોગ્રેસને મત આપેલ છે ? તેમ કહેતા ફરીયાદીએ જણાવેલ કે કોણે તમને કીધુ છે કે મે કોગ્રેસને મત આપેલ છે. મારો મત હુ ગમે તેને આપુ.તેમ જણાવતા આ ચારેય આરોપીઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઇ ગયેલ. અને ફરી ને ગમે તેમ ગાળો બોલી ઝઘડો કરેલ. અને આરોપીઓએ તેના હાથમાની લોંખડની પાઇપ ફરીયાદીને કપાળના ભાગે ડાબા પગની જાંઘ ઉપર મારી ઈજા કરેલ તેમજ આરોપી વિજયભાઈએ ફરીયાદીને નિશાળની પાકી દિવાલ સાથે અથડાવી માથામાં ઈજા કરેલ અને અન્ય આરોપીઓએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી ગેબી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી,જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી એકબીજાની મદદગારી કરતા તમામ ઈસમો સામે તિલકવાડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટઃ જયોતિ જગતાપ, રાજપીપળા

---

## બજેટ ૨૦૨૧: રાજયમાં પ્રવાસન અને આરોગ્ય વિભાગને અપાયું પ્રાધાન્ય

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં આજે નીતિન પટેલે વિધાનસભામાં બજેટ રજૂ કર્યું છે. નાણાંમંત્રીએ બજેટમાં જણાવ્યું કે, પીએમ માતૃવંદના યોજના માટે ૬૬ કરોડની જોગવાઈ કરાઈ છે. અમદાવાદ નવી સિવિલની સુવિધાઓ અપગ્રેડેશન માટે ૮૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. આદિજાતિ વિકાસ વિભાગ માટે ૨ હજાર ૬૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા માટે ૪ હજાર ૩૫૩ કારોડની જોગવાઈ કરવામાં આવી છે. આ વખતેના બજેટમાં ૧૦૦૦ કરોડની વધારાની જોગવાઈઓ કરાઈ છે.

નાણાંમંત્રીએ કહ્યું કે, ૨૦ સિવિલ હોસ્પિટલોમાં આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર અપાશે. આ સાથે સુરતની કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા ૨૫ કરોડ આપવામાં આવશે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે આ સાથે ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં વધુ નવી ૧૫૦ એમ્બ્યુલન્સ ઉમેરાશે. ઓછા જન્મ સાથે જન્મતા બાળકોની સારવાર માટે ૧૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગોધરા-મોરબીમાં નવી મેડિકલ કોલેજ માટે ૫૦ કરોડ ફાળવવામાં આવશે.

રાજયના નાયબ મુખ્યપ્રધાન નીતીન પટેલે બજેટ સ્પીચમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઉલ્લેખ કરતા કહ્યુ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વ પ્રવાસન સ્થળનો આયોજનબધ્ધ વિકાસ થાય તે માટે સરકાર દ્વારા સ્ટેચ્યુઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ ઓથોરીટીની રચના કરવામાં આવી. કેવડીયાના સંકલીત વિસ્તારમાં જંગલ સફારી, આરોગ્ય વન, એકતા ક્રુઝ, રીવર રાફ્ટીંગ,નેવિગેશન ચેનલ, ગરુડેશ્વર વિયર, હાઈ-લેવલ ગોરા બ્રિજ, બે બસ ટર્મીનસ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. જેથી બજેટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ માટે ૬૫૨ કરોડની જોગવાઈની જાહેરાત કરવામાં આવી.

---

### ઇંગ્લેન્ડ માટે કરો-યા-મરો, ભારત માટે વર્લ્ડ ચેમ્પિયનશીપની ક્વોલિફાય માટે જંગ
## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે અંતિમ ટેસ્ટ

*અમદાવાદ,તા.૩*

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અમદાવાદ ખાતે ચોથી ટેસ્ટ રમાશે. આ મેચ સવારે ૯.૩૦ કલાકે શરુ થશે. અત્યારે હાલ ચાર ટેસ્ટ મેચોની સિરીઝમાં ભારત ૨-૧થી આગળ છે. ભારત આ ટેસ્ટ જીતે અથવા ડ્રો કરે તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં ક્વોલિફાઇ કરી લેશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અનેક નવા રેકોર્ડ્સ પણ છે, જે આ મેચ દરમિયાન બની શકે છે. એક નજર કરીએ આ દરેક સંભવિત ઘટના પર, જે મેચ દરમિયાન નવા રેકોર્ડ સર્જી શકે છે.

ભારતીય ટીમ ચોક્કસપણે એક ફેરફાર સાથે ઉતરશે, કારણ કે જસપ્રીત બુમરાહ અંતિમ ટેસ્ટ માટે ઉપલબ્ધ નથી. આ સ્થિતિમાં ઉમેશ યાદવને અંતિમ ઈલેવનમાં તક મળી શકે છે.

ભારતીય ટીમ અને ઈંગ્લેન્ડની ટીમ બન્નેએ ફેરફાર કરવા પડશે. કેપ્ટન જો રૂટ ડોમિનિક બેસના રૂપમાં જેક લીચની સાથે બીજા સ્પિનરને તક આવશે, તો સ્ટુઅર્ડ બ્રોડ બહાર થઈ શકે છે. આ સિવાય ટોપ ઓર્ડરમાં પણ ફેરફાર થઈ શકે છે. કારણ કે ઈંગ્લેન્ડને સારી શરૂઆત મળી રહી નથી. સિરીઝને બરાબર કરવા માટે ઈંગ્લેન્ડની ટીમ મજબૂત અંતિમ ઈલેવન સાથે મેદાને ઉતરશે.

ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિન ઈન્ટરનેશનલ ક્રિકેટમાં દેશનો ફોર્થ હાઈએસ્ટ વિકેટ ટેકર બની શકે છે. ભારત માટે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ શિકાર કરવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ ત્રણેય ફોર્મેટમાં કુલ ૯૫૬ વિકેટ ઝડપી છે. હરભજન સિંહ ૭૧૧ વિકેટ, કપિલ દેવ ૬૮૭ વિકેટ અને ઝહીર ખાન ૬૧૦ વિકેટ સાથે અનુક્રમે બીજા, ત્રીજા અને ચોથા સ્થાને છે. અશ્વિનની અત્યારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૬૦૩ વિકેટ છે. તે ચોથી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં થઈને કુલ ૮ વિકેટ લે તો ઝેકને પાછળ છોડીને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં દેશનો ફોર્થ હાઈએસ્ટ વિકેટ ટેકર છે.

અમદાવાદ ખાતેની ચોથી ટેસ્ટમાં ૧૭ રન કરવાની સાથે જ વિરાટ કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કેપ્ટન તરીકે ૧૨ હજાર રન પૂરા કરશે. તે આ સિદ્ધિ મેળવનાર ત્રીજો કપ્તાન બનશે. તેની પહેલાં ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગ (૧૫,૪૪૦ રન) અને સાઉથ આફ્રિકાનો ગ્રેમ સ્મિથ (૧૪,૮૭૮ રન) જ આ માઈલસ્ટોન અચીવ કરી શક્યા છે.

ઈંગ્લેન્ડ સામે અમદાવાદ ખાતેની ચોથી ટેસ્ટ ભારતના ટેસ્ટ ઈતિહાસની ઓવરઓલ ૫૫૦મી ટેસ્ટ હશે. સૌથી વધુ ટેસ્ટ રમવાનો રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે છે. ઈંગ્લેન્ડે ૧૦૩૩ ટેસ્ટ રમી છે. ઓસ્ટ્રેલિયા ૮૩૪ ટેસ્ટ અને વેસ્ટ ઈન્ડિઝ ૫૫૨ ટેસ્ટ સાથે આ સૂચિમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

ભારત આ મેચ જીતશે તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ ટેસ્ટ જીતીને ફાઇનલમાં ક્વોલિફાય કરશે. ભારત અને ઈંગ્લેન્ડ બંનેએ અત્યારે ટૂર્નામેન્ટમાં સંયુક્તપણે ૧૧-૧૧ મેચ જીતી છે. આ મેચ જીતીને ટીમ ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ૧૨ ટેસ્ટ જીતનાર પ્રથમ દેશ બનશે. ભારત આ ટેસ્ટ જીતશે તો ૧૮ જૂનના રોજ ક્રિકેટના મક્કા લોર્ડ્સ ખાતે રમાશે.

**ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન**

રોહિત શર્મા, મયંક અગ્રવાલ, ચેતેશ્વર પૂજારા, વિરાટ કોહલી, અજિંક્ય રહાણે, રિદ્ધિમાન સાહા, આર અશ્વિન, અક્ષર પટેલ, વોશિંગટન સુંદર, ઉમેશ યાદવ અને ઈશાંત શર્મા.

**ઈંગ્લેન્ડની સંભવિત પ્લેઈંગ ઈલેવન**

ઝેક ક્રાઉલી, ડોમ સિબ્લી, જોની બેયરસ્ટો, જો રૂટ, બેન સ્ટોક્સ, બેન ફોક્સ, ડોમિનિક બેસ, જેક લીચ, જેમ્સ એન્ડરસન, જોફ્રા આર્ચર, ઓલી પોપ.

## સમર્થકોએ સોશિયલ મીડિયામાં જનતાએ ભાજપની કેમ જીતાડ્યા તેની કોમેન્ટ મૂકી

# નર્મદા સહિત ગુજરાતની તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો ઝળહળતો વિજય થતાં સોશિયલ મીડિયામાં વોર જામ્યું



રાજપીપળા,તા.૩

નર્મદા સહિત ગુજરાતની તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો ઝળહળતો વિજય થતા સોશિયલ મીડિયામાં આખો દિવસ વર જામ્યું હતું.જેમાં સમર્થકોએ સોશિયલ મીડિયામાં જનતાએ ભાજપને કેમ જીતાડ્યા તેની કોમેન્ટ મૂકી હતી. જેવી કે કરોડો ખેડૂતોના સપનાઓને મળી પાંખ, પીએમ કિસાન સન્માન નિધિ યોજના થકી ખેડૂતોને આર્થિક સહાયતા તો મળી જ પણ, સાથે ગ્રામ્ય અર્થવ્યવસ્થા મજબૂત થઈ, મા અમૃતમ કાર્ડ આપી લાખો પરીવારને દેવાદાર બનતા અટકાવી ૫લાખ સુધીની સારવાર તદન ફ્રી આપનાર પાર્ટી ને જ મત અપાય. ગાય આધારિત ખેતી કરવા ગયોને સાચવવા માટે રાહત કરનાર સરકારને મારો મત હોઈ શકે.

ઝઘડિયા અને દેડીયાપાડા જેવા વિસ્તાર મા છેલ્લા ૧૫વર્ષ થી કોગ્રેસ શાસન હોવાથી કોઇ પણ વિકાસ ના કાર્યો થયા નથી. માટે એકવાર ભાજપ ની સરકાર લાવી વિકાસ ના ભાગીદાર બનાવવાની મતદારોને ફરજ પડી.

ઘરે ઘરે રાંધણ ગેસ અને ૫ લાખ સુધી ની મફત સારવાર આપી, તો પછી કેમ ભૂલાય કમળ ને ? નિરાધાર માણસો ને પેન્સન અને ૨૪ કલાક વિજળી આપી તો પછી કેમ ભૂલાય કમળ ને ?દિકરીઓ ને મફત મા શિક્ષણ અને મફત બસમાં મુસાફરી પાસ પણ આપ્યો તો ભાજપ સરકારે ગામડે ગામડે આંગણવાડી.. શેરીએ શેરીએ રોડ આવ્યા.ખેડુતો માટે ૧૨ રૂ.મા ૨લાખ રૂ. નો વિમો મલ્યો. ખેતરે ખેતર પાણી પહોંચાડ્યુ છે. નરેન્દ્ર દામોદરદાસ મોદીએ..જે પ્રધાનમંત્રી એ દુનિયામાં ડંકો વગાડ્યો છે ભારત નો અને કેમ ભૂલાય., ૫૬ છાતીવાળા એ ૨૪ કલાક મા પાકિસ્તાનની હવા કાઢી ને અભિનંદન ને જીવતો પાછો ભારત મા લાવ્યો, ચીન ને પાકિસ્તાન ને આંખ મા આંખ નાખી ને જવાબ આપવા વાળો પ્રધાનમંત્રી મળ્યો છે.સર્જીકલ સ્ટ્રાઈક કરી ભારતની શક્તિ બતાવી છે. તો કેમ ભુલાય કમળને ..??

મારો મત માતા અને નવજાત શિશુને ઘર સુધી પહોંચાડવા માટે ખિલખિલાટ એમ્બ્યુલન્સ ચાલુ કરનાર સરકારને..મારો મત નાગરિકતા સંશોધન કાયદા થકી વિશ્વભરના હિંદુઓ ને ભારતમાં શરણ આપનાર સરકારને જ..મારો મત રખડતાં પશુઓ ની સારવાર અર્થે કરુણા એનિમલ એમ્બ્યુલ્સ ચાલુ કરનાર સંવેદનશીલ સરકારને. મારો મત, લાખો ગરીબ, વંચિત ,પીડિત, અને મધ્યમ વર્ગ પરિવારોને મા અમૃતમ યોજના નો સીધો લાભ આપનાર સરકારને..રામમંદિર બનાવ્યું અને ૩૭૦ ની કલમ હટાવી આવા ઐતિહાસિક નિર્ણય દેશહિત માં લીધા પછી જંગી બહુમતથી ભાજપને જીત અપાવવી મતદાનની ફરજ હતી .

આ વખતે ભાજપના ઉમેદવાર નહીં પણ ભાજપનો પ્રત્યેક કાર્ય કરતાં ચૂંટણી લડયો હતો મતદારે વિકાસને મત આપ્યો છે એટલે જ ભાજપની જીત થઈ છે

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

## અશ્વિન ત્રિવેદીને પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ એનાયત



ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને સામાજિક કાર્યકર અશ્વિન ત્રિવેદી ને તાજેતર માં ઇંડો- યુ. કે. કલ્ચરલ ફોરમ દ્વારા શ્રી રામદાસ આઠવાલે, યુનિયન મિનિસ્ટર, ગવર્નર ઓફ ઇન્ડિયા, શંકર લાલવાણી (મેમ્બર ઓફ પાર્લામેંટ) ઇન્દોર તથા વિનય કપૂર (આસી. પોલીસ કમિશ્નર, ઇન્દોર ) ના હસ્તે પ્રાઈડ ઓફ ઇન્ડિયા એવોર્ડ કોરોના કાળમાં કરેલ સામાજિક સેવાના કદર રૂપે એનાયત ઇન્દોર ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે સેચ્યાના ચેરમેન સંતોષ શુક્લા તથા દિવાકર શુક્લા તેમજ સ્વિટ્ઝરલેન્ડ ના પ્રતિનિધિ જેચલર દંપતી એ શુભેચ્છાઓ પાઠવેલ.

## શ્રી સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ ગુજરાતનું જીવન સાથી પસંદગી બુક નું વિમોચન કરાયું



શ્રી સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ ગુજરાત દ્વારા સોલા ભાગવત મોઢેશ્વરી માતાજીના મંદિર ખાતે જીવન સાથી પસંદગી, ૨૦૨૧ ની બુકનું વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે બ્રહ્મ સમાજ ના અગ્રણી અને એડવોકેટ અશ્વિન ત્રીવેદી એ ખાસ ઉપસ્થિત રહી બુક નું વિમોચન કરતા જણાવ્યું કે, સમાજ નાં દીકરા દીકરી ઓ એ સમાજ માં જ પરણાવવા આગ્રહ રાખવો જોઈએ.

સમાજના પ્રમુખ ધીરેનભાઈ ત્રિવેદી, મહામંત્રી આનંદ ત્રિવેદી તથા અગ્રણી શ્રી મનુભાઈ જાની સહિત સમગ્ર ગુજરાત માંથી હોદ્દેદારો ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવેલ.

## કોરોના રસીકરણના ત્રીજા તબક્કામાં

# બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઇ પટેલે થરાદ સરકારી હોસ્પીટલમાં રસી મુકાવી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમગ્ર દેશમાં તા. ૧ લી માર્ચ- ૨૦૨૧ થી કોવિડ-૧૯ રસીકરણ અભિયાનના ત્રીજા તબક્કાનો પ્રારંભ થયો છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયનાં તેમજ ૪૫ થી ૪૯ વર્ષ સુધીના બિમારીવાળા લોકોને રસી આપવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં આશરે બે લાખ થી વધુ લોકોને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવાનો અંદાજ છે ત્યારે બનાસકાંઠા સંસદ સભ્યશ્રી પરબતભાઇ પટેલે થરાદ મુકામે સરકારી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પીટલમાં જઇ કોરોનાની રસી મુકાવી હતી. સાંસદશ્રી પરબતભાઇ પટેલે કોરોના રસી મુકાવ્યા બાદ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિલ્હી એઇમ્સ હોસ્પીટલમાં જઇ કોરોનાની રસી મુકાવી સમગ્ર દેશના લોકોને સંદેશ આપ્યો છે કે આત્મનિર્ભર ભારતમાં બનેલી આપણી સ્વદેશી રસી સંપૂર્ણ સુરક્ષિત છે ત્યારે કોઇપણ લોકોની વાતો કે અફવાઓમાં આવ્યા સિવાય સરકારી અને ખાનગી હોસ્પીટલોમાં આ રસી આપવામાં આવે છે તે રસી લઇ આપણી જાત અને પરિવારને કોરોનાથી સુરક્ષિત અને સલામત રાખીએ. તેમણે લોકોને અપીલ કરતાં કહ્યું કે, સરકારી હોસ્પીટલોમાં સરકાર દ્વારા વિનામૂલ્યે કોરોનાની રસી આપવામાં આવે છે ત્યારે આ રસી લઇ તંદુરસ્ત સમાજ અને રાષ્ટ્રવનું નિર્માણ કરીએ.

## અરવલ્લી એલસીબી દારૂ કાંડ પછી એલસીબી શાખા વિખેરી નાખી

# એસપી સંજય ખરાતના મહત્વપૂર્ણ નિર્ણયથી પોલીસતંત્રમાં ખળભળાટ




અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકારે થોડા સમય પહેલા આર.આર.સેલ (રેપીડ રિસ્પોન્સ સેલ)નું વિસર્જન કરી નાખ્યું હતું ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પોલીસતંત્ર વાઈબ્રન્ટ બન્યું હતું જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી જાળવવા દોડાદોડી કરી રહ્યું હતું જીલ્લા પોલીસવડા જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને પોલીસકર્મીઓની બુટલેગરો સાથેની ભાઈબાંધી જોઈ ચોકી ઉઠ્યા હતા અને બુટલેગરો સાથે ભાઈબંધી રાખનાર સામે સસ્પેન્ડ કરી શખ્ત કાર્યવાહી કરી રહ્યા હતા ત્યારે તેમની આંખ નીચે અરવલ્લી એલસીબી પોલીસે ઝડપાયેલા દારૂનો વેપલો શરૂ કરતા અને સમગ્ર દારૂકાંડનો પર્દાફાશ થતા સ્વચ્છ છબી ધરાવતા એસપી સંજય ખરાત ચોકી ઉઠ્યા હતા સ્થાનીક સ્વરાજયની મતગણતરી પૂર્ણ થતાની સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચને વિખેરી નાખતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે એસપીના નિર્ણય પછી વહીવટદારોમાં રીતસરનો સોંપો પડી ગયો છે

અરવલ્લી પોલીસવડા સંજય ખરાતે સ્થાનીક સ્વરાજયની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થતાની સાથે મંગળવારે રાત્રે જીલ્લા પોલીસતંત્રમાં મહત્વનો નિર્ણય લઇ એલસીબી શાખાનું વિસર્જન કરી નાખ્યું હતું અને એલસીબી શાખામાં ફરજ બજાવતા ૧૨ કર્મચારીઓને હેડક્વાટર ખાતે અને ૨ પોલીસકર્મીઓની એમ ટી વિભાગમાં બદલી કરી દીધી હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના નિર્ણય થી જીલ્લા પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો છે જીલ્લા પોલીસવડાએ વધુ એક વાર સપ્તાઈ પૂર્વક નિર્ણય લઈ જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને એક સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો છે

## ચૂંટણીની અદાવતમાં ઘર સળગાવ્યું

# મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ચાંદ ટેકરીના ૪ અપક્ષ ઉમેદવારોની હાર થતા એક પરિવારના ઘરને આગ ચોપી

અરવલ્લી બ્યુરો મોડાસા

વર્ષો થી ભાજપ સાથે ગઠબંધન ધરાવતા ચાંદ ટેકરીના અપક્ષ ઉમેદવારોની હાર થતા, ચાંદ ટેકરીના રહિશો એ રોષે ભરાયા હતા. તેવા માં કેટલા અસામાજીક તત્વો દ્વારા કોંગ્રેસ ના ઉમેદવાર ના સંબધીનું ઘર સળગાવી દેતા વાતાવરણ માં તંગદીલી ફેલાઇ હતી. પીડિત પરિવારે આક્ષેપ કર્યો હતો કે તેમના સંબધી કોંગ્રેસ ની પેનલ માં વિજઇ બનતા તેઓ સરઘસ માં જોડાયા હતા તેની અદાવત રાખી તેમનું મકાન હારી ગયેલા ઉમેદવારો ની ઉશ્કેરણી થી સળગાવામાં આવ્યુ છે. પીડિત પરિવાર મૂળ રાણા સૈયદનો રહેવસી હતો પરંતુ ચૂંટણીના એક વર્ષ પુર્વે ચાંદ ટેકરી રહેવા જતા રહ્યો હતો.

નોંધનીય છે કે ગત ટર્મમાં ભાજપને ૧૮ સીટ મળી હતી ત્યારે બહુમતના જાદુઈ આંકડાને સ્પર્શ કરવા માટે વોર્ડ.નં-૯ ના મુલતાની સમાજના ૪ અપક્ષ ઉમેદવારોનું સમર્થન મેળવી ૫ વર્ષ સત્તા ભોગવી હતી. છેલ્લી બે ટર્મથી ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં સર્વસંમતિથી, ૪ અપક્ષ ઉમેદવારો ચૂંટતા હતા. પરંતુ આ વખતે મોડાસા નગરપાલિકાની ચૂંટણી પુર્વે વોર્ડ.નં-૯ ના મુલતાની સમાજના મતદારોમાં બે ભાગ પડી ગયા હતા. વોર્ડ.નં-૯ માં રાણાસૈયદ વિસ્તારમાંથી મુલતાની સમાજના ૨ ઉમેદવાર અને લઘુમતી સમાજના બે ઉમેદવારોએ કોંગ્રેસમાંથી ઝંપલાવતા તેમની જંગી બહુમતિ થી જીત થઇ હતી જયારે ચાંદ ટેકરી થી અપક્ષ ઉમેદવારો ની હાર થઇ હતી



મહાનગરના નવા સીમાંકન મુજબ વોર્ડનં. ૧ અને ૮ના ભાજપા સંગઠનના હોદ્દેદારોની નિયુક્તિ કરતા શહેર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ

## કલેકટર કચેરીમાં ધામા નાખ્યા

# દધાલિયા સીટ પર કોંગ્રેસના ઉમેદવારના પરિવારના મત ૧૨ અને ૧૧ મત મળતા ઈવીએમમાં છબરડોના આક્ષેપ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે જીલ્લા પંચાયત સહીત ૬ તાલુકા પંચાયત અને મોડાસા તેમજ બાયડ નગરપાલિકામાં કોંગ્રેસનો સફાયો થયો છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા પંચાયતમાં દધાલિયા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અને તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ ભાવનાબેન પટેલને તેમના વતન કોકાપુર ગામ માંથી ૧૧ મત મળતા તેમના પરીવારના જ ૧૨ મત હોવાના અને ૬૨૬ નું મતદાન થયું હોવા છતાં કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મત પણ નહી મળતા વિવાદ સર્જાયો છે. અરવલ્લીની દધાલીયા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મતમાંથી ૧૧ મત મળતા, ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે.જીલ્લા કલેકટર કચેરીએ કોંગ્રેસના ઉમેદવાર, અગ્રણીઓ અને તેમના સમર્થકોએ મત ગણતરી પૂર્ણ થયા બાદ કલેકટર કચેરીમાં ધામા નાખ્યા છે કોંગ્રેસના ઉમેદવારને મત આપનાર મતદારો તેમનો મત ક્યાં ગયો તે અંગે તંત્રને પૂછી રહ્યા છે

કોંગ્રેસના ઉમેદવારને કોકાપુર ગામમાંથી ૬૨૬માંથી માત્ર ૧૧ મત મળ્યા એટલે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે. વધુ મળતી માહિતી મુજબ, કોંગ્રેસ ઉમેદવારના ચૂંટણી એજન્ટે જણાવ્યું કે કોકાપુર ગામમાં કોંગ્રેસના ઉમેદવારના ઘરના ૧૨ સભ્યોએ મતદાન કર્યું હતું અને ૧૮૮ જેટલા કોંગ્રેસના કાર્યકરોએ પણ મતદાન કર્યું હતું, પરંતુ આજે ઈવીએમમાં મત ગણતરી દરમિયાન તેમાંથી માત્ર ૧૧ જ મત નીકળ્યા છે. જેથી કોંગ્રેસના ચૂંટણી એજન્ટે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે. જયારે કોંગ્રેસના કાર્યકરનો આક્ષેપ છે કે કોઈ રાજકીય પાર્ટીએ ઈવીએમમાં ચેડા કર્યા છે, આ ચૂંટણીમાં કેવી રીતે મત ગાયબ થઈ જાય? મારી માગ છે કે અરવલ્લી તાલુકા પંચાયતની ચૂંટણી રદ થવી જોઈએ અને ફરીથી બેલેટ પેપર પર ચૂંટણી થવી જોઈએ.

## વન અને જલવાયુ પર્યાવરણ મંત્રાલય દ્વારા ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરેલ

# કાયદાને કાળો કાયદો ગણાવી આદિવાસી સમાજના લોકો એ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર હાઈવે નજીક આદિવાસી જનકલ્યાણ વિકાસ સંગઠન એ એકત્ર થઇ સભા ભરી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી સુધી ઈકો સેન્સેટીવ ઝોનનો કાળો કાયદો રદ કરવા આવેદનપત્ર આપવા આવી પહોંચ્યા હતાં. બનાસકાંઠાના જીલ્લા નાં અમીરગઢ, દાંતા, પાલનપુર, વડગામ,સહિત ના ગામડાઓ ના આદિવાસી સમાજના સંગઠનના હોદ્દેદારો, વન-સમિતિના હોદ્દેદારો તેમજ સામાજિક કાર્યકરો આગેવાનો સહિત મહિલાઓ એ પોતાની વેશ ભૂષા માં તીર કામઠાં સાથે રેલી માં જોડાઈ ૫ જાન્યુઆરી એ સરકાર દ્વારા જાહેર કરેલ ઈકો ઝોન સેન્સેટિવ ઝોન નો કાળો કાયદો રદ કરવા તેમજ આ કાયદાથી આદિવાસી લોકો ને મોટું નુકશાન થવાની શક્યતા ને લઈ કલેક્ટર કચેરી આવી પહોંચ્યા હતા.જ્યાં કલેક્ટર ને આવેદન પત્ર આપી આ કાયદાને દૂર કરવાની માંગ કરી હતી..

# રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ ના સભ્ય તરીકે રાજકોટના પ્રો.જયદિપસિંહ ડોડીયાની નિમણૂંક

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના પૂર્વ કાર્યકારી કુલપતિ અને અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો. જયદિપસિંહ ડોડીયા ની રાજસ્થાનની કોટા ખાતે આવેલી વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ ના સભ્ય તરીકે બે વરસ માટે નિમણૂંક થયેલ છે.

પ્રો. જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ તેમજ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ સહીત ના મહત્વના સત્તા મંડળોમાં સક્રિય સભ્ય રહી ચુક્યા છે. ઓક્ટોબર ૨૦૧૩ માં પ્રો. ડોડીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના કાર્યકારી કુલપતિ તરીકે અલ્પ સમય માટે કરેલી કામગીરી શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવી નોંધપાત્ર રહી હતી. વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી કોટાની એકેડેમિક કાઉન્સિલના સભ્ય પદે નિયુક્ત થવા બદલ પ્રો. જયદિપસિંહ ડોડીયા ને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીતિનભાઈ પેથાણી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ના કુલપતિ ડો પ્રતાપસિંહ ચૌહાણ, વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી ના કુલપતિ પ્રો. રતનલાલ ગોદારા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાઉપકુલપતિ ડો. વિજયભાઈ દેસાણી, કુણાલ સ્ટ્રક્ચર ઇન્ડિયા લિમિટેડ ના ચેરમેન શ્રી અરવિંદભાઈ દોમડીયા, શ્રી ઉદયસિંહ રામભાઈ ઝાલા (ખાપટ) તેમજ શ્રી દીપસિંહ રામભાઈ ઝાલાએ અભિનંદન પાઠવ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.